# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર અનીલ પટેલ વાંચે છે.

## મુખ્ય સમાચાર

*****************************************************

1) ફ્રાન્સ અને અમેરિકાની મહત્વપૂર્ણ અને ફળદાયી મુલાકાત પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારત પરત ફર્યા

2) મહાકુંભમાં અત્યાર સુધી 50 કરોડ 11 લાખથી વધુ શ્રધ્ધાળુઓએ આસ્થાની પવિત્ર ડૂબકી લગાવી

3) ભારતીય રિઝર્વ બેંકે નિયમ ભંગ બદલ શ્રીરામ ફાઇનાન્સ લિમિટેડ, ઉજ્જિવન સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડને દંડ ફટકાર્યો

4) પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં માર્ગ પર થયેલા બોમ્બ વિસ્ફોટમાં 11 શ્રમિકોનાં મોત

5) ક્રિકેટમાં, વીમેન્સ પ્રિમીયર લીગ 2025ની પ્રથમ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ-RCBએ ગુજરાત જાયન્ટ્સને 6 વિકેટે પરાજય આપ્યો

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM USA

ફ્રાન્સ અને અમેરિકાની મહત્વપૂર્ણ અને ફળદાયી મુલાકાત પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે ભારત પરત ફર્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આમંત્રણ પર અમેરિકાની મુલાકાતે ગયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળમાં  પ્રધાનમંત્રીની અમેરિકાની આ પ્રથમ મુલાકાત હતી.

આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ વોશિંગ્ટનમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય ચર્ચાઓ કરી હતી. ગુરુવારે મોડીરાત્રે વ્હાઇટ હાઉસમાં ચાર કલાક સુધી દ્વિપક્ષીય ચર્ચા થઈ હતી.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધીનો અહેવાલ..

## (BYTE: MUKESH KUMAR)

આ અગાઉ પ્રધાનમંત્રીએ ફ્રાંસ ની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ફ્રેન્ચ પ્રમુખ ઇમેન્યુલ મેક્રોં સાથે આર્ટિફિશિલ ઇન્ટેલિજન્સ શિખર સંમેલનની સહ અધ્યક્ષતા કરી હતી. શ્રી મોદીએ માર્સેમાં પ્રથમ અને બીજા વિશ્વયુધ્ધમાં શહીદ થયેલા ભારતીય સૈનિકોને શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

# PRESIDENT RANCHI AADI MAHOTSAV 2025

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગઈ કાલથી ઝારખંડની બે દિવસની મુલાકાતે છે. સુશ્રી મુર્મુ આજે રાંચીમાં બીઆઇટી મેસરાના હીરક મહોત્સવ સમારોહમાં ભાગ લેશે.

રાષ્ટ્રપતિ આવતીકાલે નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે આદિ મહોત્સવ-2025નું ઉદ્ઘાટન કરશે.

આ મહોત્સવ લોકોને આદિવાસી સમુદાયોનની ઉદ્યોગસાહસિકતા, હસ્તકલા, સંસ્કૃતિ અને ખોરાક અને વ્યાપારી જીવનનો પરિચય કરાવે છે. આદિવાસી બાબતોના રાજ્યમંત્રી, દુર્ગાદાસ ઉઇકે જણાવ્યું કે, આ ઉત્સવ આદિવાસી કારીગરો અને ઉદ્યોગસાહસિકોને વિવિધ રાજ્યોના લોકોને તેમના ઉત્પાદનો અને રચનાઓ પ્રદર્શિત કરવાની તક પૂરી પાડે છે.

## VICE PRESIDENT JAMMU

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે જમ્મુની એક દિવસની મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ કટરા ખાતે શ્રી માતા વૈષ્ણો દેવી યુનિવર્સિટી (SMVDU) ના 10મા દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે અધ્યક્ષતા કરશે.

આકાશવાણીના જમ્મુ પ્રતિનિધિના અહેવાલ મુજબ, ઉપરાષ્ટ્રપતિ રિયાસી જિલ્લામાં ત્રિકુટા ટેકરીઓ પર સ્થિત માતા વૈષ્ણો દેવી મંદિર અને ભૈરોંજી મંદિરમાં પણ પ્રાર્થના કરશે.

ઉપરાષ્ટ્રપતિ ગઈકાલે મધ્યપ્રદેશનાં ભોપાલમાં નેશનલ જ્યુડિશિયલ એકેડેમીમાં આયોજિત એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું કે, ભારતની લોકશાહી વિશ્વની સૌથી જૂની લોકશાહી છે. તેમણે ઉલ્લેખ કર્યો કે, લોકશાહીમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા મહત્વપૂર્ણ છે.

## MAHAKUMBH

અને હવે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ અંગેનાં સમાચાર

(Mahakumbh Opening Music)

મહાકુંભમાં અત્યાર સુધી 50 કરોડ 11 લાખ શ્રધ્ધાળુઓએ આસ્થાની પવિત્ર ડુબકી લગાવી છે. ઉત્તરપ્રદેશ સરકારે જણાવ્યું કે, આ ભાગીદારી માનવ ઇતિહાસમાં કોઇ પણ ધાર્મિક, સાંસ્કૃતિક કે સામાજિક આયોજનમાં સૌથી મોટી છે.

દરમિયાન, મહાકુંભમાં, ગંગા નદીને સ્વચ્છ બનાવવા જાગૃતિ ફેલાવવાનાં હેતુથી ગઈ કાલે 300થી વધુ સફાઇ કર્મચારીઓએ વિશ્વમાં સૌથી મોટી વ્યાપક નદી સફાઇ ઝૂંબેશ માટેનો વિશ્વવિક્રમ સર્જ્યો છે.

સફાઇ ઝૂંબેશ ગંગા નદીનાં ત્રણ વિવિધ ઘાટ- રામ ઘાટ, ભારદ્વાજ ઘાટ અને ગંગેશ્વર ઘાટ પર હાથ ધરવામાં આવી હતી. અમારા પ્રતિનિધી જણાવે છે કે, કાર્યક્રમની વિડિયોગ્રાફી જોઇને તેની સત્યતા ચકાસીને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા આ વિક્રમ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

મહાકુંભ મેળા સત્તામંડળ આજે સૌથી મોટા સમન્વિત સફાઇ અભિયાનમાં 15,000 સફાઇ કર્મચારીઓને સામેલ કરીને વિશ્વ વિક્રમ રચવાનો પ્રયત્ન કરશે.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધિ નો અહેવાલ ..

(BYTE: ABHISEK-KAPIL-PRYAGRAJ)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . . .

# KASHI TAMIL SANGAMAM

તામિલનાડુ અને કાશી વચ્ચે સાંસ્કૃતિક અને બૌદ્ધિક સંબંધોને પ્રોત્સાહન આપતી પહેલ, કાશી તમિલ સંગમમ (KTS) 3.0, આજથી ઉત્તર પ્રદેશના વારાણસીમાં શરૂ થશે.

કાર્યક્રમની ત્રીજી આવૃત્તિનું ઉદ્ઘાટન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય રાજ્યમંત્રી ડૉક્ટર એલ. મુરુગન  કરશે. 10 દિવસનો આ કાર્યક્રમ 24 ફેબ્રુઆરીના રોજ પૂર્ણ થશે.

# RBI-PENALTY

ભારતીય રિઝર્વ બેંકે બેન્કને લગતી વિવિધ જોગવાઇઓનાં ભંગ બદલ શ્રીરામ ફાઇનાન્સ લિમિટેડ પર 5 લાખ 80 હજાર રૂપિયા, ઉજ્જિવન સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ પર 6 લાખ 70 હજાર રૂપિયા અને નૈનિતાલ બેંક લિમિટેડ પર 61 લાખ 40 હજાર રૂપિયાનો નાણાકીય દંડ ફટકાર્યો છે.

એક અખબારી યાદી અનુસાર, શ્રીરામ ફાઇનાન્સ લિમિટેડની 31 માર્ચ, 2023 ના રોજની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં કરવામાં આવેલા કાનૂની નિરીક્ષણમાં જાણવા મળ્યું કે, કંપની ખાતાઓના જોખમ વર્ગીકરણની સમયાંતરે સમીક્ષાની કાર્યપધ્ધતિ સ્થાપિત કરવામાં નિષ્ફળ રહી હતી.

ઉજ્જિવન સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ લોનની મંજૂરી કે વિતરણ સમયે કેટલાંક ઋણધારકોને લોન એગ્રીમેન્ટ્સ આપવામાં નિષ્ફળ રહી હતી.

# BALOCHISTAN BLAST

પાકિસ્તાનમાં, આજે બલુચિસ્તાન પ્રાંતના હરનાઈના શહરગ વિસ્તારમાં માર્ગ પર થયેલા બોમ્બ વિસ્ફોટમાં ઓછામાં ઓછા 11 શ્રમિકોનાં મોત થયા છે અને 7 ગંભીર રીતે ઘાયલ થયા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, કોલસા ખાણકામ કરનારાઓને લઈ જતું એક વાહન પસાર થઈ રહ્યું હતું, ત્યારે બોમ્બ વિસ્ફોટ થયો હતો. હરનાઈના ડેપ્યુટી કમિશનર હઝરત વલી કાકરે જણાવ્યું કે, વિસ્ફોટકો રસ્તા પર લગાવવામાં આવેલા ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (IED) હોવાની શંકા છે.

# WPL

ક્રિકેટમાં, વીમેન્સ પ્રિમીયર લીગ 2025ની પ્રથમ મેચમાં ગઈકાલે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ-RCBએ ગુજરાત જાયન્ટ્સને 6 વિકેટે પરાજય આપ્યો હતો.

વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં 202 રનના લક્ષ્યાંકનો પીછો કરતા RCBએ 4 વિકેટ ગુમાવીને 9 બોલ બાકી હતા ત્યારે મેચ જીતી લીધી હતી. રિચા ઘોષ 27 બોલમાં અણનમ 64 અને એલિસ પેરીએ 34 બોલમાં 57 રનનું યોગદાન આપ્યું હતું.

અગાઉ, બેટિંગ કરતા ગુજરાત જાયન્ટ્સે મર્યાદિત 20 ઓવરમાં 5 વિકેટે 201 રન કર્યા હતા. કેપ્ટન એશલી ગાર્ડનરે 79 અને બેથ મુનેએ 56 રન કર્યા હતા. રિચા ઘોષને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

આજે વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે, મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

WPLની ત્રીજી સીઝનમાં 5 ટીમો રમી રહી છે. ફાઇનલ મેચ 15 માર્ચે મુંબઇનાં બ્રેબોર્ન સ્ટેડિયમમાં રમાશે.

## SQUASH

સ્કવોશમાં, હોંગકોંગ ખાતે રમાઈ રહેલી એશિયન જુનિયર ટીમ સ્પર્ધામાં ભારતીય મહિલા અને પુરુષોની ટીમો સેમિ-ફાઇનલમાં પ્રવેશી છે. ભારતીય મહિલા ટીમ પુલ Bમાં બીજા ક્રમે રહી છે. અનાહર સિંહે તેની તમામ ત્રણ મેચી જીતી છે. આજે સેમિફાઇનલમાં મહિલા ટીમ હોંગકોંગ સામે રમશે.

પુરુષોની ટીમે હોંગકોંગને હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે. તેઓ હવે ફાઇનલમાં સ્થાન મેળવવા આજે મલેશિયા સામે રમશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

- આજના તમામ અખબરોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અઢી કલાકની મુલાકાતમાં અમેરિકાની ન્યૂક્લિયર ટેક્નોલોજી અને F – ૩૫ ફાઇટર એરક્રાફ્ટ અંગેની મહત્વની ડીલ, મહાકુંભમાં ૫૦ કરોડ શ્રદ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યું, વેલેન્ટાઇન ડે પર મહાકુંભમાં વેદમંત્રો સાથે બટુકોના ઉપનયન સંસ્કાર, સોના-ચાંદીમાં ૪૫ દિવસમાં ૧૩ ટકા રિટર્ન સહિતના સમાચારોને મુખ્ય પાને પ્રકાશિરત કર્યા છે.
- દિવ્ય ભાસ્કર મુખ્ય શીર્ષકમાં લખે છે, ભારત-અમેરિકા ૧ અને ૧ અગિયાર, નવી ટ્રેડ ડીલથી વેપાર વધીને બમણો થશે: મોદી
- ગુજરાત સમાચારની હેડ લાઇન છે, મોદીને 'તારીફ' અને ભારતને 'ટેરિફ' ની ટ્રમ્પની ભેટ
- ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ આર્કીઓલૉજિકલ સર્વે ઓફ ઈન્ડિયા વડનગર બાદ ગુજરાતનું બીજું શહેર, પ્રાચીન રાજધાની વલભીપરનું ઉત્ખનન કરશે અંગેના સમાચાર પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે
- નવગુજરાત સમય પ્રથમ પાને લખે છે તેજીની રેકોર્ડ દોડ: સોનું 89,000 ને સ્પર્શ્યું
- સંદેશના મુખ્ય પાનાં પર અમેરિકી વિઝા રીન્યુઅલ માટે ભારતીયોએ વધુ રાહ જોવી પડશે તથા ભારત અને અમેરિકા વચ્ચે ડિફેન્સ, મિશન ૫૦૦, ટેક્નોલોજિ ક્ષેત્રે સહયોગના સમાચાર પ્રકાશિત કર્યા છે
- ફૂલછાબે યુક્રેનમાં અણુમથક પર ડ્રોન હુમલો તથા વધુ 119 ભારતીયો અમેરીકાથી ડિપોર્ટ થયાના સમાચાર હેડલાઈનમાં પ્રકાશિત કર્યા છે.